**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# સંવેદના ધારા

## જિનશાસન સંસ્પર્શ

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

૨૩.૦૯.૨૦૨૧

# EFLPNGS જિનશાસન - ૭

એકસો ચાર વર્ષ પહેલાની ઘટના, શાસન સમ્રાટ પૂજ્ય નેમિસૂરીશ્વરજી મહારાજ રાજસ્થાનના પ્રદેશોમાં વિચરી રહ્યા હતા. અને એ સમયે, સિરોહી-પાલડી ગામના બે ભાઈઓ પૂજ્ય શ્રી પાસે આવ્યા. પૂજ્ય શ્રીને વંદન કર્યાને વિનંતી કરી કે, અમારી ભાવના છે કે પાલીતાણાનો સંઘ કાઢવો છે, અને એ પણ આપની નિશ્રામાં જ કાઢવો છે, આપ નિશ્રા આપો, એ સમયે પૂજ્ય નેમિસૂરીશ્વરજી મહારાજ એ કહ્યું, કે હજુ મને આ પ્રદેશમાં આવ્યે બે વર્ષ જ થયા છે. હજુ આ પ્રદેશના ઘણા કાર્યો પણ કરવાના છે, તમારે મારી નિશ્રામાં જ સંઘ કાઢવો હોય, તો તમે પાલીતાણાની બદલે જેસલમેર તીર્થનો સંઘ કાઢો, તો અમને પણ એ તીર્થોની યાત્રા થાય. પૂજ્યશ્રી એ વાત કરી બંને ભાઈઓ એ સહર્ષ સ્વીકાર કર્યો, જેસલમેરનો સરસ સંઘ નીકળ્યો.

મૂળ વાત મારે એ કરવી છે કે ગુરુના વચનનો સહર્ષ સ્વીકાર કરવાને બદલે જેઓ ગુરુ પાસે પોતાના વચનનો સહર્ષ કે-

અહર્ષ સ્વીકાર કરાવે છે, એમનામાં

## ખરી ગુરુભક્તિ કહી શકાય ખરી ?

જેમને આપણું SIMPLE ગણિત-સમજતું નથી, કે યા ગુરુ છોડવા જોઈએ, યા એમ છોડવું જોઈએ, એમ આ જ જોઈએ ને-ગુરુ જી આ જ જોઈએ, આવી જે આગ્રહ કરે ને આવા આગ્રહ દ્વારા, ગુરુની સમય, શક્તિ, સ્વાસ્થ્ય, સ્ફૂર્તિ, એમના શિષ્યોના સ્વાધ્યાય, એમની સંયમની નિર્મળતા, એમની નિર્દોષ ચર્યા, આ બધા ની જે કહાણી થાકે, એનામાં

## ખરી ગુરુભક્તિ છે એવું કઈ રીતે કહી શકાય ?

આપણે જ્યારે કહેતા હોઈએ છીએ કે ફલાણા-ગુરુ ભગવંત આપણા પ્રસંગ માટે આટલો લાંબો, દીર્ઘ, ઉગ્ર વિહાર કરીને પધાર્યા, આપણે બહુ ગૌરવ સાથે કહેતા હોઈએ પ્રસંગે, કે સાહેબ આટલા કિલોમીટરનો વિહાર, ઉગ્ર વિહાર અમારા માટે કરીને પધાર્યા. હકીકતમાં આપણે આ

ગૌરવ નથી હોતું, હકીકતમાં આપણી આત્માઓથી હારેલા છે. આપણી જીદ તો પુરી થઈ જશે, પણ એ માતાના સપના અધુરા રહેશે જેની ઈચ્છા હતી કે મારા દીકરા મહારાજ પરમ જ્ઞાની બને. આપણી જીદ તો પુરી થઈ જશે, પણ એ પિતાના સપના અધુરા રહેશે, જેમની ભાવના હતી, કે મારા દીકરા મહારાજ સંયમમાં બિલકુલ પાછા ન પડે. આપણી જીદ તો પુરી થઈ જશે, પણ એ ગુરુદેવના સપના અધુરા રહેશે, જેમની ઈચ્છા હતી કે મારા દરેક શિષ્ય પરિણતિની અંદર પરાકાષ્ઠાએ હોવા જોઈએ. આપણી જીદ તો પુરી થઈ જશે, પણ એ શાસન માતા ના સપના અધુરા રહેશે, જે નથી ઈચ્છતા કે એમના સંતાનો એમની શક્તિ શોક માપવામાં પુરી થાય. જે નથી ઈચ્છતા, કે શાસનના અદ્ભુત સપનાઓ રોળાય, જે નથી ઈચ્છતા, કે એમના સંતાનોના ઘડતરમાં ક્યાંય પણ ખામી આવે.

જ્યારે આપણે કહીએ બીજા કે એમને તો તમે જ જોઈએ, તો પહેલા તો

એમનો આગ્રહ છોડી દેવો જોઈએ. પુર્વકાળની અંદર છે ને ચરિત્ર ગ્રંથો ની અંદર એવું વર્ણન આવે કે, ફલાણા મહાત્મા, ફલાણા દેવ કે દેવી એમના પરમ ભક્ત! અને મહાત્મા જ્યાં જાય, ત્યાં એમની મહિમા કરે. ધારોકે એ મહાત્મા વિચરતા. વિચરતા અહીંયા આવ્યા, ને અહીં ના લોકો ને એમની કંઈ પડી નહતી, કશી લેવા દેવા ન હતી, અને મહાત્મા આવ્યા-છે, એમના સંયમમાં મસ્ત છે, સ્વાધ્યાય માં મસ્ત છે એમને કોઈ લોકો મેતા પણ નથી, પણ જે દેવ કે દેવીને એમ થાય, ભગવાન-ના ચરિત્રમાં આવી શાક ની પણ વાત આવે છે, એમને એમ થાય કે શા માટે આ લોકો આ ભગવાનની અવજ્ઞા કરે, ભગવાન મળે ભગવાન જ નથી, આટલા મોટા ભગવાન, ભગવાન-ગામમાં આવ્યા ને બધા લોકો પોતપોતાનામાં જ પડ્યા છે, કંઈક કરીએ કે લોકો બધા ભગવાન-ને નમે, આવી દેવ દેવી ને પણ ભાવના થાય. ધારોકે અહીંયા આ સંઘમાં આવ્યા, બધા લોકો પોતપોતાનામાં હતા, પણ એવો મહિમા કરે, એવા ચમત્કાર કરે, એવી આણી

માહોલ સર્જે, કે જિંદગીમાં ઉપાશ્રયમાં ન
આવનાર માણસ ત્યાં દોડ્યો દોડ્યો આવે, ને
એ મહાત્મા ને નમે, એ કંઈક ધર્મ પણ પામે,
મહાત્માનો મહિમા પણ વધે, હું તમને કહુ-
છું, જેવા ભક્ત દેવ દેવી, અથવા તો જેવા-
શક્રેન્દ્ર અથવા સિધ્ધાર્થ વ્યંતર, એની આ
ભાવના હતી કે, ભગવાન જ્યાં જાય ત્યાં એમની
મહિમા થાય, અને એમાં હું નિમિત્ત બનું!

## આપણા PROGRAM માટે,
## આપણા પ્રસંગ માટે,

આપણે ગુરુ ભગવંત ને દોડાવીએ, લાંબા-લાંબા-
વિહારો કરાવીએ, વચ્ચે કોઈ ગામની અંદર ગુરુ-
ભગવંત પહોંચ્યા છે, એમને શું ભૌતિકી છે, -
શાતા છે - અશાતા છે, શું તકલીફ છે. અહીં
આપણને એનો વિચાર સુધ્ધા ન આવે એટલું જ
નહિ, પણ એ ગામની અંદર ધારોકે ગામ વાળા
કહે છે કે, અમને પ્રવચનનો લાભ આપો ને
ગુરુ ભગવંતે જવાબ આપવો પડે, કે ભાઈ હું-
થાકીને લોથ થઈ ગયો છું, મારામાં કોઈ પણ-
પ્રવચન આપવાના કોઈ હોંશ કોંશ જ નથી.

અને આ સ્થિતિના મુળમાં આપણે હોઈએ તો

એને ગુરુભક્તિ કહેવાય કે ના કહેવાય ?

આપણી જ્યારે દલીલ છે કે,

એમને તો તમે જ જોઈએ, અને

પાછુ એમ પણ એ જ જોઈએ,

આ રીતની જ્યારે આપણી આગ્રહ છે, જીદ છે,
ત્યારે હકીકતમાં તો આપણે,

ગુરુ ભગવંતને છોડી જ દીધા હોય છે !

કારણકે ગુરુનો થાક, ગુરુનો આયાસ, ગુરુને
એ જે ભોગવવું થાય, ગુરુને જે ખેંચાવું પડે,
એની આપણને તકલીફ નથી, એની આપણને
દરકાર ઉપેક્ષા છે. એમનું જે થવું હોય એ
થાય, મારા પ્રોગ્રામમાં તો આવવા જ જોઈએ.
અને આ જ જગ્યાએ આવવા જોઈએ,

બધું મારી ઈચ્છા મુજબ થવું જોઈએ, એમાં ગુરુએ મારી શોભામાં અભિવૃદ્ધિ કરવી જોઈએ. આવી આપણી જ્યાં વિચારસરણી છે ત્યાં,

આપણે તો ગુરુને છોડી જ દીધા હોય છે!

અને આ સ્થિતિની અંદર, એમને તો તમે જ જોઈએ, આવી આપણી વાત, આપણે પોતે જ રદબાતલ કરી દેતા હોઈએ છીએ.

જિનશાસનના વિશિષ્ટ શક્તિ સંપન્ન મહાપુરુષોની શક્તિ, જિનશાસનની વિશિષ્ટ સેવા ને બદલે, લાંબા લાંબા વિહારો કરવામાં પુરી થાય. એમના શિષ્યોના અભ્યાસનો, ઘડતરનો સમય, આપણા પ્રસંગને સાચવવા માટે છાશવારે થતી દોડધામમાં પુરો થાય. જિનશાસનના વિશિષ્ટ આચાર્ય ભગવંત, એમની પાસે જિનશાસન માટે જ સમય ના રહે.

પંડિત જવાહરલાલ નેહરુ કઈના હતા, આઝાદી મળી, ભારતના પ્રધાનમંત્રી બન્યા,

યુવ્યા ત્યાં સુધી પ્રધાનમંત્રી રહ્યા. અને એક-
વાર એ બોલી ઉઠ્યા હતા, કે આ બધા પ્રસંગો
માં હાજરી આપવામાં, ઉદ્ઘાટનો કરવામાં, અને
બધી શાળા વધારવામાં હવે માટે કાંઈ સારું-
વિચારવાનો સમય જ રહેતો નથી.

GOVERNMENT માં અંદર ઉતરેલા
એક ભાઈ મને મળ્યા હતા ને મને કહ્યું સાહેબ-
કોરોના ની અંદર, બધા પ્રસંગો ઉપર પાબંધી
આવી ગઈ, LOCK DOWN ખુલ્યું, પણ-
પ્રસંગો ઉપર LOCK DOWN હતું, RIBBONS
કાપવાની ન હતી, પ્રસંગોમાં જવાનું ન હતું,
અને વર્ષો જુના ફાઈલો ના ઢગલાઓ જે-
GOVERNMENT OFFICE ની અંદર પડેલા,
OFFICERS પાસે, MINISTERS પાસે, મોટા-
મોટા અધિકારીઓ પાસે એ બધું બે-ત્રણ
વર્ષનું બધું CLEAR થઈ ગયું.

શાસનની ઘણી બધી ફાઈલો પડી છે!

શાસનના ઘણા બધા ચિંતાજનક કાર્યો, -

રોજ નવા આક્રમણો, રોજ નવી આપત્તિઓ, સતત આવી રહી છે, જિનશાસનના મહાપુરુષ-ઓએ પ્રસંગમાં નિશ્રા ન આપવી એવી વાત નથી, નિશ્રાની COST બહુ ઓછી આવે છે. પણ નિશ્રા માટે, આપણે જો RACE - છોડાવીએ, જો લાંબા લાંબા વિહાર કરાવીએ, અને આટલું SIMPLE ગણિત આપણને સમજાય નહિ કે, એ આપણને ગુરુભક્તિ છે જ ની પછી બધું,

## જ્યાં ગુરુ હોય ત્યાં જ કશી હરજી ને !

ભલેને આપણા દીકરા મહારાજની દીક્ષાનો પ્રસંગ-શા માટે ન હોય. દીકરાને દીક્ષા આપવી છે, શા માટે ન હોય. આપણી દ્રષ્ટિ આ હોય, પૂજ્ય પિતાશ્રી મહારાજ સાહેબ, સુરત અમારું ચોમાસુ હતું, એમની દીક્ષાની જય બોલાવાની હતી, સ્થળ પણ સાથે બોલાય એવી એમની બહુ ભાવના હતી, સ્થળ વગર દીક્ષાની જય બોલાઈ. ગુરુદેવે એમને બહુ સરસ માર્ગદર્શન-આપ્યું કે, ત્યારે એવો ભાવ રાખવો કે મારે-

મારા નિમિત્તે, વિહાર કરાવવો નથી. ગુરુદેવે મુંબઈ જાવવું કે ન જાવવું એ હજુ નક્કી ન હતું. સહજ રીતે બધાને મુંબઈ ની ભાવના - હોય, ઘર આંગણા ની ભાવના હોય, ગુરુદેવ કહે કે મારે સહજ જાવવાનું હોય ને સાથે - સાથે તમારી દીક્ષા થઈ જાય એ વાત જુદી છે. પણ તમારી દીક્ષા માટે, તમે વિહાર કરાવો, આવો ભાવ તમારે રાખવો નહિ.

OVER ભક્તિથી, સાધુ સંસ્થા - એમની શક્તિઓનો વેડફાટ થઈ રહ્યો છે, UNDER ભક્તિ, ઉપેક્ષા, અવગણના, એનાથી શ્રમણી સંસ્થા ની શક્તિ નો વેડફાટ થઈ રહ્યો છે. આચાર્ય અને ગચ્છાધિપતિશ્રી ની પાસે તમે બેઠા જ રહો. ઉભા જ ન થાવ, હલો જ નહિ, એ નવરા છે ? તમે નવરા છો. ગુરુ ભગવંત નવરા હોય ? એમના એક એક શિષ્ય ને - ઉપેક્ષા નહિ હોય કે ગુરુદેવ એમને પણ - સમય આપે. કંઈ પુછવું હોય, કંઈ કામ હોય, કંઈક મુંઝવણ હોય, કંઈક માર્ગદર્શન લેવું હોય, તમે તો અડધો કલાક જાવી ને

જતા રહેવાના, એમનું કામ હોય, ત્યારે તમને
કદાચ ગોતવા નીકળવા પડે. અને એમને-
મહાત્માઓ તો પોતાની જિંદગી આપી દીધી છે,
એમને સમય ના આપવાની હોય છે

શાસનના જે રાજા કહેવાય,

શાસનને સમય ના આપવાનો હોય છે

એક બાજુ વડિલ ગુરુભગવંત, વિશિષ્ટ મહા-
પુરુષ, એમના સમય આપણે વિહાર દ્વારાને-
વિકથા દ્વારા, ને ટોલટપ્પા દ્વારા બગાડીએ. -
બીજુ બાજુ, સાધ્વીજી ભગવંત શ્રમણી સંસ્થા,
એનું જે થવું હોય એ થાય, કંઈ લેવા દેવા-
નહિ, એમના અભ્યાસ નું શું છે, એમના જ્ઞાન-
નું શું છે, એમની પરિણતિ નું શું છે હું
તમને બહુ BASIC લઈ જવા માંગુ છું,
તમારા ઘરે એક સાધ્વીજી ભગવંત વહોરવા
માટે આવ્યા છે. તમે નથી વહોરાવતા એવું
નથી, સુપાત્ર દાન ચોક્કસ થાય છે, કરનારા-
કરી દે છે સાધ્વીજી ભગવંત આવ્યા, તમે તમારા

સોફા પરથી ઉઠ્યા નહિ, લવ-જેહાદના ગુણ-અહીંયા પડેલા છે. તમે જ તમારી દીકરીને શીખવાડો છો કે એમની કોઈ VALUE નથી, એ કોઈ મહાત્મા નથી, એ કોઈ સંત નથી, એક ORDINARY વ્યક્તિ, મહેમાન તમારા-ઘરે આવે ને તમે ઉભા થતા હો, અને સાધ્વીજી ભગવંત આવે ને ઉભા ન થાવ, હું તમને કહુ છું, ભગવતી સુત્રના પાઠના-આધારે, કે આ પણ,

**એક પ્રકારના મિથ્યાત્વનું લક્ષણ છે!**

ભગવતી સુત્રમાં સ્પષ્ટ કહ્યું, સમ્યગ્દ્રષ્ટિ હોય કદી પણ મહાત્માની પાસેથી એમને વંદન આદિ કર્યા વગર, અભ્યુત્થાન-આદિ કર્યા વગર, પસાર ન થઈ જાય. જે પસાર થઈ જાય, એમને એમ પસાર થઈ જાય, અહીંયા મહાત્મા છે, હોય એમને એમ જતા રહે એને મિથ્યાત્વી કહેવાય. આ વર્તમાન સંયોગોની અપેક્ષાએ, આ જ ભગવતી સુત્રનો પાઠ કહું છું, ઘરમાં કોઈ પણ મહાત્મા આવ્યા, કોઈપણ

૨૩.૦૯.૨૦૨૧

સમુદાય કે ગચ્છના આવ્યા, ને એ સાધુ-
ભગવંત હોય કે સાધ્વીજી ભગવંત હોય, જેનામાં
ઉભા થવાની ત્રેવડ ના હોય, કે વગર-
PARALYSIS (લકવા) એ, વગર FRACTURE એ
વગર જેવા ગાઢ ઘડપણ કે ગાઢ માંદગી વગર,
કે ઉભા ન થઈ શકે, એનામાં સમ્યક્ત્વ નથી.

બહુ ઊંડા ઉતરશો, વિવેક ને
જાગૃત કરો, આવા પ્રકારની ગુરુ ભક્તિ લાવો,
શાસન મહાત્મા, એમનું તો જે થવાનું હશે એ
થશે, આપણા દોષોથી, આપણા અવિવેકથી-
આપણા પુણ્યના ભાગાકાર થશે, કદાચ આ-
અવજ્ઞા-આશાતનાથી પાપનો બંધ થશે, અને
આપણી આત્મા નુકશાનમાં ઉતરશે. આજે-
સમય થયો છે, ત્યારે આટલું રાખીએ.

25·09·2021

# Feelings | જિનશાસન - 9

અમદાવાદ ના એક સંઘમાં દહેરાસર પાસે આવી
ને એક રીક્ષા ઉભી રહી છે. રીક્ષા વાળો -
દહેરાસરમાં અંદર જાય છે. બાજુમાં જ્યાં વ્યવસ્થા -
છે ત્યાં સ્નાન કરીને પૂજાના કપડા પહેરે છે,
સરસ પૂજા કરીને ફરી કપડા બદલાવી ને, રીક્ષા
ની અંદર બેસી જાય છે. અને રીક્ષા આગળ -
ચાલવા લાગે છે. રોજની આ ક્રમ છે, આજની
તારીખમાં આ ક્રમ છે. એક વાર મહાત્માનું ધ્યાન
ગયું ને એણે રીક્ષા વાળાને પુછ્યું, કે તું જૈન છે,
કહે હા હું જૈન છું, તુ ક્યાં રહે છે ?
ઘર ક્યાં છે તારુ ?, રીક્ષા વાળાએ કીધું કે
અહીંયા ૬૦-૭૦ કિલોમીટર દૂર આ ગામ છે,
ત્યાં મારુ ઘર છે. તુ રોજ ત્યાંથી અહીંયાં
આવે છે ?, રીક્ષા વાળાએ કહ્યું કે હું અઠવાડિયે
એક દિવસ ઘરે જાઉં છું, બાકી હું રીક્ષામાં જ
રહુ છું. મહાત્મા એ હસીને વાત કરી કે તને
જો અહીંયા ઘર મળી જાય, તો આ રીતે તારે
ઘરથી જુદા ન રહેવું પડે, આટલું દૂર ૬૦-૭૦
કિલોમીટર એકવાર પણ અઠવાડિયે જવું ન પડે
અને રીક્ષા વાળાએ તરત કહ્યું કે મારે ~~અહીંયાં~~
અહીંયા ઘર નથી જોઈતું. મહાત્મા એ પુછ્યું કે

કેમ નથી જોઈતું ? શેઆવાળાએ કહ્યું, કે ત્યાં વિહારનું ક્ષેત્ર છે, મારા ગામની અંદર-મહાત્માઓ પધારતા હોય છે. એમનો સુપાત્રદાનનો અમને લાભ મળતો હોય છે, અને ઘર એ-અહીંયા આવી જાય તો એ લાભ મળતો બંધ-થઈ જાય, માટે મારે અહીંયા ઘર લેવું નથી. આ જે છે એ બરાબર છે.

જિનશાસનના મહત્તમ પ્રશ્નોનું સમાધાન, SOLUTION કોઈ હોય,

તો એ ગુરુભક્તિ છે !

જેમ.. જેમ.. જેમ.. જેમ ગુરુભક્તિ ઘટે, તેમ તેમ તમારા વ્યક્તિગત, પારીવારીક, સામાજીક, આર્થિક, ધાર્મિક, બધા પ્રશ્નો વધતા જાય. જેમ.. જેમ ગુરુભક્તિ વધે, તેમ..તેમ આ બધા જ પ્રશ્નો ઘટતા જાય. એક શેઆવાળાને સુપાત્રદાનની આ કક્ષાની સંવેદના હોય તો, આ કક્ષાનો ભોગ આપવા માટે એ તૈયાર હોય, હું તમને કહું છું, બહુ જ ભાગ્યશાળી તમે,

એક એક પરિસરની અંદર અનેક ઉપાશ્રયો હોય, અનેકાનેક મહાત્માઓ હોય, અને બારે માસ સુપાત્રદાનનો લાભ તમને મળે, આવા પરિસરની અંદર તમને રહેવા મળે, તમારા માટે કદાચ ROUTINE થયું હોય. હકીકતમાં-અનંત કાળે તમારું સૌભાગ્ય જાગ્યું ત્યારે તમને આ માહોલ મળ્યો છે.

અહીંથી શરૂઆત કરો, ઘરમાં-ધર્મલાભની જુમ સંભળાય એની સાથે ઘરના-દરેકે દરેક સભ્ય, ઈચ્છયાત પણે પોતપોતાનું કામ છોડીને, પધારો.. પધારો કહેતા આગળ ધસી આવે, આટલા વાતાવરણનું સર્જન તમે-ના કરી શકો! મહાત્મા માટેની વાત નથી, શાસન માટેની વાત નથી, તમારા આત્મા, તમારો આ ભવ, તમારું ઘર, તમારા પરિવારજનો માટેની પણ આ વાત છે. તમારો ધંધો, તમારી INCOME, તમારું આરોગ્ય, એના-માટેની પણ વાત છે. તમારું ભવિષ્ય, તમારો અંત સમય, તમારું ઘડપણ, તમારું મોત, તમારી સદ્ગતિ, તમારો મોક્ષ,

એના માટેની પણ વાત છે. અહીંથી શરૂઆત કરી જેણે જીંદગીમાં ઘરે પહેલી વાર મહાત્મા આવી રહ્યા છે, કદાચ એના આવા ભાવ-હોય. બાર મહિને કદાચ બાર વાર લાભ-કદાચ મળે છે કે નથી મળતો, અહીંયા પણ એવા ઘરો હોય છે, અમારા મહાત્મા, દુર-અંતરિયાળ પ્રદેશમાં જાય ને ત્યાં આ રીતનો માહોલ જોવા મળે. હું તમને કહું છું કે-તમને રોજ લાભ મળે કે રોજ એકથી વધારે વાર લાભ મળે,

**તો ભાવ વધવો જોઈએ કે ઘટવો જોઈએ?**

સંસારની અંદર જેમ જેમ તમને રૂપિયા મળે, ઘરેણા મળે, કમાણી મળે, પદ મળે, એમ તમારો ભાવ ઘટતો જાય છે ને? ઉત્તરાધ્યયન સુત્રની અંદર સ્પષ્ટ કહ્યું.

જહા લાહો તહા લોહો લાહા લોહો પવડ્ઢઈ।

જેમ લાભ થાય છે તેમ સંસારમાં લોભ-વધારે જાગે છે.

**લાભથી લોભ વધતો જ જાય છે!**

અહીંયા આપણને એવી અનુભવ ના પતો-
હોય, એની અર્થ એ છે કે ધર્મ, શુકન,
પુણ્ય, એ

## એ આપણને પૈસા કરતા હેલકું લાગે છે!

જિનશાસનની શ્રમણ- શ્રમણી સંસ્થા, -
એમની શક્તિ, એમનું તેજ, એમની પ્રભાવ,
એમની ગરિમા, એને આપણા વર્તન દ્વારા,
આપણે નંદવી નાખવાનું કામ કરી રહ્યા હોઈએ
છીએ.

તમે જુઓ બીજા ગચ્છોની અંદર,
તમે ખરતરગચ્છમાં જુઓ, તમે અચલગચ્છ-
માં જુઓ, તમે ત્રણ થોયમાં જુઓ, તમે-
બીજા ફીરકાઓની અંદર જુઓ, ત્યાં સાધ્વીજી
ભગવંત નું તેજ, પણ આપણા આચાર્ય-
ભગવંત જેવું હોય છે. એમની પણ પ્રભાવ,
એમની સાધના, એમની ઉલ્લાસ, કદાચ-
આપણા આચાર્ય ભગવંતો ની સમકક્ષ અથવા
એમનાથી વધારે હોય છે. અને આપણે ત્યાં
આ જ શ્રમણી સંસ્થા, એ COMPARATIVE

એઈએ તો કેટલી નિસ્તેજ હેઆય. એમાં-
આપણી ગેરવર્તુળુક નો પણ ઘણો ભાગ-
હોય છે. એ જ મહાવ્રતો એમની પાસે છે,
એ જ ચર્યા છે, એ જ તપસ્યા છે. ભણી-
ગણી રહ્યા છે, સંયમનું પાલન કરવા માટે
નીકળ્યા છે. એમનું ઘર છોડીને નીકળ્યા છે.
કોઈ મા-બાપની લાડલી દીકરીએ દીક્ષા લીધી
છે, કોઈ શ્રીમંત પરિવારની વહુએ દીક્ષા
લીધી છે, કોઈએ સાંસારિક ક્ષેત્રે ઉચ્ચ-
શિક્ષણ, ઉંચી DEGREE લઈને દીક્ષા લીધી
છે. હું તમને પુછુ છું. શ્રમણી ભગવંતના
વેષમાં આવ્યા પછી એમની,

## VALUE વધી છે કે ઘટી છે ?

એક સાધ્વીજી ભગવંત તમે એવા બતાડો જેની
એવી આધ્યાત્મિક ઉંચાઈ હોય. જેમને જોઈને
ક્રીશ્ચિયન યુવતી આનો પણ મોહ ધોવાઈ જાય.
જેમની આચાર જોઈને, જેમનું સંયમ જોઈને,
જેમની પ્રભાવ જોઈને, જેમની ખુમારી જોઈને,
આખો સંઘ પાણી-પાણી થઈ ગયો હોય.

હું તમને પુછુ છું, એવા કેટલા ગણ્યા-ગાંઠ્યા મળશે અત્યારે ? જને નથી મળતા તો શું એમણે,

**જીવ કોઈ TARGET થી દીક્ષા લીધી છે ?**

ઉછળતા વૈરાગ્યની સાથે, પરિવાર સાથે સંઘર્ષ કરીને, પ્રલોભનો ને લાત મારીને, કેટલાય-માંગાઓ આવતા હતા એને ઠુકરાવીને, ભગવાનના માર્ગે જેઓ ખુમારી સાથે નીકળ્યા હોય, એમની ખુમારીને આપણે વધારી છે, આપણે એટલી રાખી છે, આપણે ઘટાડી છે, એ

**સવાલ આપણે આપણને પુછવા જેવો છે !**

અમદાવાદ ના તમારા કોઈ મિત્ર બાડમેર-રહેતા હોય, કોઈ રાજસ્થાન ના પ્રદેશમાં, કોઈ પંજાબના પ્રદેશમાં, કોઈ SOUTH માં, કોઈ મધ્યપ્રદેશમાં, કોઈ ઉત્તર પ્રદેશમાં જ્યાં જીવ ફરતા હોય, જ્યાં જીવ ગચ્છોનું વિચરણ વધારે હોય, ત્યાં તમે પુછજો, એક-એક

સાધ્વીજી ભગવંત, મધ્યપ્રદેશના એક શહેરની અંદર એક સાધ્વીજી ભગવંતનું ચોમાસું, સાધુ ભગવંત નથી, તો એ રોજ પ્રવચનની-અંદર પાંચસો - પાંચસો માણસો આવે, હું તમને પુછું તમે ભાવો એક નામ આપણે ત્યાં, બાર માસમાં, એક મહત્વના દિવસો બાદ કરો, એનો સિવાય આપણા વડિલ ગુરુ-ભગવંતોના, પદસ્થ ગુરુ ભગવંતોના પ્રવચનમાં પણ એટલા આવતા હોય. પ્રવચન નબળું છે એવી વાત નથી, પ્રવચન સારામાં સારું હોય, પદાર્થ ઉંચા માં ઉંચા હોય, મહાત્મા-ઉત્તમ પણ હોય, આપણા ભાવો પડી ગયા હોય, અને જ્યારે આચાર્ય ભગવંતોની પણ આ દશા હોય, ત્યાં સાધ્વીજી ભગવંતનું તો શું કહેવું!

જિનશાસનની આજે એક અપેક્ષા એ સૌથી વધારે જરૂરિયાત એ છે, કે શ્રમણ સંસ્થાને એકદમ મજબુત કરવામાં આવે. તમે ઉભા થાવ, સુપાત્ર દાનની તમારી અંદર ઉમળકો હોય, તમે કામ બધુ પડતુ મુકો, તમારું વર્તન એવું તમારા દીકરાને તમારે કહેવું ના પડે.

તમારી દીકરી ને કહેવું ના પડે એનું આ જ-
વર્તન હોય. આગળ વધીને આ તો માત્ર દ્રવ્ય
વાત છે. હું તમને આ એરિયા ની વાત કરું,
ચોમાસા પહેલા ઉપકરણ વહોરાવવા માટે મારી
પાસે બે યુવાન આવ્યા. મહાત્મા પાસે મે
મોકલ્યા, જે વહોરાવવાનું હતું, જે જપ હતો એનો
લાભ આપ્યો બે જણે.

યુવાનો પછી મારી પાસે બેઠા ને
મને વાત કરી કે સાહેબ અમે વર્ષમાં એક-બે-
વાર જ આ રીતે નીકળતા હોઈએ, એક ઉપાશ્રય
ની અંદર અમે ગયા ને, સાધ્વીજી ભગવંત ને
અમે બધી જપ પુછ્યો, લાભ અમને મળ્યો.
સાધ્વીજી ભગવંત અમારી આગળ રડી પડયા ને
અમને કહ્યું કે, અમને કોઈ પુછનાર નથી!
બહુ દુઃખ સાથે મારે આવી વાત કરવી પડે છે.
કઈ રીતે આપણે તેજ ઘટાડીએ છીએ, કઈ-
રીતે ખુમારી ઘટાડીએ છીએ, કઈ રીતે વૈરાગ્ય
ઘટાડીએ છીએ, કઈ રીતે ઉમળકો ઘટાડીએ
છીએ, એટલું ઔચિત્ય આપણી પાસે ન
હોય કે આપણા ઘરના પચાસ ડગલાની અંદર

જે મહાત્મા બિરાજમાન છે, એમને વંદન કરીને એમને જપ પુછવો, એમનું કાર્ય પુછવું, એમની તકલીફ પુછવી, જારસું આપણી પાસે ન હોય. શ્રાદ્ધ વિધિ ગ્રંથની અંદર શ્રાવક નું ઔચિત્ય જુદા જુદા ઔરે બતાડ્યું, પત્ની પ્રત્યે, દીકરા પ્રત્યે, દીકરી પ્રત્યે, મા-બાપ પ્રત્યે, આગળ વધી ને સંઘ પ્રત્યે, ગુરુ ભગવંત પ્રત્યેને આગળ વધીને, સાધ્વીજી ભગવંત પ્રત્યે નું પણ ઔચિત્ય બતાડ્યું. પોતાની દીકરી હોય એના કરતા વધારે શ્રાવક, સાધ્વીજી ભગવંત ને રાખે, એટલું જ નહિં, આગળ વધીને, સંયમમાં ક્યાંક સ્ખલના કરતા હોય તો એમને ટોકે પણ ખરા, એમને રોકે પણ ખરા, આગળ વધીને કહ્યું, એમને ખખડાવવા પડે તો ખખડાવે પણ ખરા, પણ એ બધુ મા-બાપ તરીકેના વાત્સલ્ય સાથે અને એક દીકરી તરીકે ની લાગણી સાથે.

શ્રાદ્ધ વિધિ ગ્રંથ, એણે સાધ્વીજી ભગવંત પ્રત્યેનું શ્રાવક નું જે ઔચિત્ય બતાડ્યું, આજે એ ઔચિત્ય આપણે ચુકયા છીએ, દ્રવ્ય વ્યવસ્થા થઈ ગઈ, કરોડો ના ફંડ થઈ ગયા,

OPERATION સુધીની વ્યવસ્થા થઈ ગઈ,
ઉપાશ્રય એરદાર બનાવી દીધો, હું કહું છું -
આટલે અટકતું નથી, દવાઓની ભરમાર તમે
આપી દો, દવાઓની કોઈ જ ચિંતા નથી, -
પચીસ- પચાસ વર્ષ પહેલા જે વ્યવસ્થાઓ ન
હતી, જેની કલ્પના ન થઈ શકે એટલી વ્યવસ્થા-
ઓ, આજે ઉભી થઈ ગઈ છે, સવાલ વસ્તુઓ-
ની નથી, સવાલ પૈસાનો નથી, સવાલ એક

બહુમાન, આદર અને લાગણીનો છે!

અમારા ગુરુ ભગવંતો, અમારી
બે પેઢી પહેલા, ન હતી આવી કોઈ સામુદાયિક
વ્યવસ્થા, ન હતા એ વખતે લોકો પાસે આવા
પૈસા, ન હતું એટલું બધું આ વહોરાવવા-
માટેનું ચલણ, ન હતા આવા સુપાત્ર દાનના
ભાવો, ન હતા આવા અનુષ્ઠાનો, ગુરુદેવ એ
સમયની વાત કરે અમને આશ્ચર્ય થાય,
ગોચરી મહાત્મા ગયા છે, ગોચરી લઈને આવ્યા છે
જેમને સવારે વાપરવાનું છે એ બધા બેઠા છે,
અમારી ભાષામાં ટોકસી, તમારી ભાષામાં વાડકી,

આપી- આપીને દુધ વહેંચાતુ, એમને ઈસવુ આવે એ સમયની વાત સાંભળીને, - શિર્ષાસન એ વાતનું થઈ ગયું, મહાત્માને - વાપરવું ના હોય, અને પરાણે આપવું પડે, આવી અત્યારે સ્થિતિ થઈ ગઈ, હું તમને - કહેવા માંગુ છું, વસ્તુ વધી છે, વૈભવ વધ્યો છે, ભાવ પણ તમારા વધ્યા છે, ભક્તિ પણ તમારી વધી છે, વ્યવસ્થાની છેલ્લા સૈકડો વર્ષોની અંદર, જે કલ્પના ન કરી શકાય, એટલી વ્યવસ્થાઓ ઉભી થઈ છે.

## સવાલ લાગણીનો છે !

જે દ્રવ્ય સુધી પણ તમે હજુ પહોંચ્યા નથી, ત્યાં ભાવ સુધી કેવી રીતે - પહોંચશો ? જે વૈયાવચ્ચ વાળા આવે તેમને હું એમ કહેતો હોઉં છું, કે તમે માત્ર વસ્તુ ના આપો, સાથે વૈરાગ્ય પણ આપો, પણ ઘરમાં જેકોઈ બાર જનારા, એ કઈરીતે વૈરાગ્ય આપી શકે, વૈરાગ્ય આપવા માટે શું કરવું જોઈએ, કઈ રીતે શ્રમણ શ્રમણી સંસ્થાને

૨૪.૦૯.૨૦૨૧

POWER FUL બનાવી શકાય, અંદરથી
POWER FUL - બહારથી POWER FUL.
આજે ત્રણ થયી છે, આજે આટલું રાખીએ.

x x x x

૨૫.૦૯.૨૦૨૧

# FEELINGS | જિનશાસન - ૯

નાનકડો ચિંટુ છે, વરસાદમાં નાહી આવે, સખત શરદી થઈ ગઈ, પથ્ય તમારા માટે ગરમ વસ્તુ છે, ગરમ પાણી પીએ, ગરમ ખાવાનું ખાએ, હવા વગરની જગ્યાએ બેસએ, અપથ્ય તમારા માટે ફ્રીજનું પાણી, એકદમ ઠંડુ પાણી, ICE-CREME વગેરે વસ્તુ, એ અપથ્ય છે, એનો ત્યાગ કરશો, તો તમને આરોગ્ય, કફ વગેરે જે થઈ ગયો છે એ BALANCE થઈ જાય, સમધાતુ થઈ જાય.

એક રોગ આપણને બધાને થયો છે, જેનું નામ છે,

ભવદુઃખ !

ભવભ્રમણ !

સંસારીપણું ! અથવા

સંસાર !

એનું નામ રોગ.

भव एव महाव्याधिर्जन्ममृत्युविकारवान् ।

સંસાર એ જ મહારોગ છે, જેનું નિદાન, જેનું કારણ છે રાગ-દ્વેષ,

એની દવા છે, રત્નત્રયીની આરાધના!

જેનું પથ્ય છે વૈરાગ્ય વૃધ્ધિ થાય એવા આલંબનો!

સત્ ક્રિયા, સ્વાધ્યાય, ગુરુકુલવાસ!

ગુરુ સમર્પણ, વિનય વગેરે. જેમાં અપથ્ય છે,

લોકેષણા, રાગાદિના નિમિત્તો, બહિર્ભાવ!

બાહ્યભાવો, વગેરે વગેરે. બરાબર દવા કરીએ, - બરાબર પથ્ય પાળીએ,

તો જે આરોગ્ય મળે એનું નામ છે મોક્ષ!

શ્રમણ સંસ્થા. શ્રમણો સંસ્થાના સંદર્ભમાં મારે તમને વાત કરવી છે. જેમણે - જરેજર રોગને સમજ્યો એનું નિદાન કર્યું,

અને એની દવા માટે, રત્નત્રયીની સાધના માટે જીવન, સર્વ વિરતિ ને સમર્પિત કર્યું, એવા સંયમી મહાત્માઓ, એમના પથ્યાપથ્ય, અને દવા ની કાળજી રાખવાની જવાબદારી એમની પોતાની પણ છે, એમના ગુરુદેવો ની પણ છે, અને

## સકલ શ્રી સંઘની પણ છે !

રત્નત્રયીની દવા માટે ~~અહીંયા~~ આવેલા મહાત્માઓ જો પથ્ય ન સાચવી શકે, અપથ્યનું સેવન કરીલે, તો એમનું જે લક્ષ્ય છે કે મને આરોગ્ય મળે, મને મોક્ષ મળે, એ લક્ષ્ય સફળ ન થઈ શકે, અને લક્ષ્યની દિશાની યાત્રા પણ શરૂ ના થઈ શકે.

## પથ્ય છે ગુરુકુલવાસ !

કઈ રીતે સંયમી સંસ્થાને મજબુત કરવાની જવાબદારી સંઘ નિભાવી શકે એની વાત મારે તમને કરવી છે. તમારા દીકરા મહારાજ, દીકરી મહારાજ હોય, કોઈ સ્વજન મહારાજ હોય, કોઈ મિત્ર મહારાજ હોય ને તમે એમની VISIT લેતા હો,

તમારા પ્રશ્ન હોય છે ગુરુમહારાજ તમને સાચવે છે.
જે રંગે ચંગે તમે સંયમ અપાવ્યું, જે ભાવથી
તમે એમને પ્રવ્રજ્યાના પંથે વળાવ્યા, એ જ
સંયમ એમાં કાંડી લગાડીને, જાણીને બાળ કરનારા
આ સવાલ છે કે તમારા ગુરુ મહારાજ તમને -
સાચવે છે?

એમારા એક મહાત્મા ૮૨ વર્ષ, આજ
વર્ષે કાળધર્મ પામ્યા, ગુરુદેવે એમને અંતિમ -
સમાધિ આપવા માટે, અપાર પરિશ્રમ ઉઠાવ્યો.
ગુરુદેવે અમને વાત કરતા, મહાત્માએ લગભગ -
૪૫ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, પૂજ્ય ભુવનભાનુ -
સૂરીશ્વરજી મહારાજને એમણે પ્રશ્ન કર્યો, કે એમને
મેં ગુરુ તરીકે પસંદ કર્યા છે, ત્યાં તૈયાર થયો છું,
ત્યાં દીક્ષા લેવી છે, મારા ગુરુ મહારાજ મને -
સાચવશે ને? પૂજ્ય ભુવનભાનુ સૂરીશ્વરજી -
મહારાજે પળની જ પળે એમને જવાબ આપ્યો,

છે તમારે તમારા ગુરુમહારાજને સાચવવાના!

તમારા દીકરા મહારાજ, દીકરી મહારાજ ને તમે કેટલી વાર

પુછ્યું કે તમારા ગુરુ મહારાજને બરાબર સાચવો છો કે નહિ ? તમે કેટલી વાર પુછ્યું કે તમે-બંને ટાઈમ એમનું પડિલેહણ કરો છો ? તમે કેટલી વાર પુછ્યું, બધું ગુરુ મહારાજને પુછીને કરો છો ને ? તમે કેટલી વાર પુછ્યું, સાહેબ પચ્ચક્ખાણ આપે તો નથી લેતા ને, ગુરુ મહારાજ આગળ કોઈ આગ્રહ તો નથી કરતા ને ? તમે કેટલી વાર પુછ્યું, ગુરુ મહારાજની ઈચ્છા મુજબનું તમારું જીવન તો છે ને ? આ બધા સવાલો પથ્ય છે. તમારા સવાલો, ગુરુ મહારાજ તમને સાચવે છે, બધા મહારાજ સાહેબ તમને સારી રીતે રાખે છે. તમને કામ બહુ જોઈને તપ કરવો પડે, કામ-કરવું પડે એવું તો નથી બનતું ને ? કામ સાથે-સાથે તમારી કાળજી બરાબર લેવાય છે ને ? વિહાર બરાબર થાય છે ? ભારે તો નથી પડતો ને.

બહુ સરસ મઝાની વાત દસવૈકાલિક આગમ સૂત્રમાં કરી,

गिही संथवं ण कुज्जा कुज्जा साहूहिं संथवं ।

**સાધુ માટે ગૃહસ્થનો પરિચય ઝેર બરાબર છે!**

જો એ સાધુએ પોતાનું સંયમ સાચવવું છે તો, ગૃહસ્થનો પરિચય સંપર્ક, એમની સાથે વાતે વળગવું, એ બધુ બંધ કરવું જોઈએ. કોઈપણ ગુરુ એમને એમના શિષ્યની પરિણતિની ચિંતા હોય, માટે ગૃહસ્થ-શ્રાવક વગેરેના સંપર્ક ન થાય એવી પ્રેરણા ગુરુ કરે, તમે તમારા સ્વજનને સંયમના પંથે વળાવ્યા, તમારી લાગણી હોય કે જ્યારે એમને મળવું છે, એમની પાસે બેસવું છે. તમને ગુરુ છુટ આપે કે ચાલો ભાઈ, મહાત્મા ને જેમ હોય કે મારો પાઠ છે, મારો સ્વાધ્યાય છે, પણ ગુરુ કહે કે આટલા દુરથી તમને મળવા આવ્યા છે, તો તમારું ઔચિત્ય છે, તમારે એમને મળવું જોઈએ, ગુરુ તમને છુટ આપે, મહાત્માને સામેથી પ્રેરણા કરે કે હવ ભાઈ તમે બેસો, આ બધું મહાત્માના સંયમ જીવનનો ઝેહર, હાનિ-કરવવા માટે નું બધું હોય, કે એમનું સંયમ જીવન વધારે પુષ્ટ થાય, એવો આપણો પ્રયાસ હોય. કેટલાક સ્વજનો અત્યંત અબુજ હોય છે, જેમને કશી ખબર જ નથી કે અમે INDIRECTLY અમણના પણ શું કરી રહ્યા છીએ. અમે ભલે વર્ષે કદાચ એક દિવસ આવ્યા, ત્રણ કલાક બેઠા,

પણ એ ત્રણ કલાકમાં એમનું વરસ આખે બગાડી દઈએ. આવુ પાપ અજાણથી થઈ જાય. અનુભવ - જોવા, એમની સાવ એવી બધી વાત, આખો - સંસાર લઈને બેસે, આખા સંસારના NEWS - આપી દે, આનું આમ થયું ને તેમ થયું ને, ભોલાનું ભાની સાથે ગોઠવાયું, ધંધાનું ડૂબણું - જાય છે, ને ખોલું જાય છે, અને મહાત્મા જે એમની ધારામાં વહેતા હોય, એ ધારા એમની ડહોળાઈ જાય.

કેટલાંક સ્વજનો, મા-બાપો એકદમ પ્રબુધ્ધ હોય છે, અને એ એમની પ્રબુધ્ધતાના કારણે, પોતે ગુરુ થઈને, પોતે પોતાના સ્વજન મહાત્માને એવી એવી હિતશિક્ષાઓ આપવા લાગે, કે જે કદાચ સારી પણ હોય, કદાચ - સાચી પણ હોય, પણ ગુરુની હિત શિક્ષા એ - સાથે MATCHING ના હોય, અને એના કારણે એ સ્વજન મહાત્મા હોય, એ મુંઝાય, ને ક્યાં સ્વજન તરફ ઢળી પડે, યા એમના ગુરુ થી વિમુખ થાય, યા એમના ગુરુને વળગી પણ રહે પણ મનમાં સમજે કે આ સ્વજનો નથી માટે મને હિત શિક્ષા આપવા બેઠા છે.

મારો પ્રશ્ન છે કે તમારે જ એમનો ઉદ્ધાર કરી દેવાનો હતો, તો ગુરુને સોંપ્યા શા માટે ? એટલે અબુધ સ્વજનો અને પ્રબુદ્ધ સ્વજનો, એ હકીકતમાં પ્રબુદ્ધ ન કહેવાય, એમની પણ એક પ્રકારની અબુજતા કહેવાય કે ભાઈ ગુરુ GUIDELINE આપે છે, એમની રીતે આગળ વધારે છે, હવે અમારે

## કહ્યાપણાની ડોળી ડોળવાની નથી !

અને જ્યારે એમાં GAP આવશે, DIFFERENCE આવશે OPINIONમાં, દિનચર્યા-માં, માર્ગદર્શનમાં, ત્યારે અમારા મહાત્મા શું વિચારશે. તેમકે એવા વડિલ ગુરુભાઈઓ પણ હોય, ભલે દસ વર્ષ.. વીસ વર્ષ.. ત્રીસ વર્ષ-- મોટો એમનો પર્યાય હોય, નાના મહાત્મા ને કદી-પણ, એવી રીતે કાંઈ કહેવાય જાય જેનાથી એ PUZZLE માં પડે કે મારે ગુરુનું માનવું કે આ ગુરુભાઈનું માનવું ? પછી, સ્વજન-મહાત્મા કે બીજા મહાત્મા, વાતે વળગવું નહિ. સંશય જગાડવો નહિ, કેવું તો એવું કહેવું કે સાહેબ

હવે, આપણું મન રાખતા જ નહિ, ગુરુમાં મનને ભેળવી દઈએ, ગુરુમય થઈ જઈએ. અસ્તિત્વનું વિસર્જન કરી દઈએ. ગુરુથી જુદો વિચાર સુદ્ધા નહિ કરતા, આ જ તમારી દીક્ષા છે. જે દિવસે ગુરુ વિરુદ્ધ વિચાર આવ્યો, ગુરુની આપ સામે પડ્યા, ગુરુની સામે આપે દલિલ કરી, જે-દિવસે ગુરુની સામે આપે તર્ક કર્યો, એ દિવસે અમે આપણું બલિદાન, અમે આપેલો ભોગ, અમે કરેલો તમારા સંયમનો ઉત્સવ, મહોત્સવ, અમે કરેલો ખર્ચો, અમે આપેલું અમારા ભવિષ્ય-નું બલિદાન, આ બધું જે છે એના ઉપર પાણી ફરી વળશે, ભુલેચુકે આવું કરતા નહિ, તમે બેસતા જ હો, કાંઈ કહેતા જ હો, તો આવું કહીએ, ઉંધુ કંઈ કહેશો નહિ. પથ્યથી રોગ મટશે, અપથ્યથી રોગ વકરશે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

26.09.2021

# Feelings | જિનશાસન

પૂજ્ય મેઘદર્શન સૂરીશ્વરજી મહારાજ, નવી-નવી
એમની દીક્ષા હતી, અંતરિક્ષજી નો વિહાર,
પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ ની નિશ્રામાં,
અંતરિક્ષજી માં મહિનાની શિબિર, શિબિર માં-
એમના સંસારી પિતાજી, એક મહિનાની શિબિર
દિવસો જઈ રહ્યા છે, મહાત્મા એમની સાધનામાં
મગ્ન છે, દસ દિવસ, પંદર દિવસ, વીસ, પચ્ચીસ,
છવ્વીસ, સત્યાવીસ, અઠ્યાવીસ, ઓગણત્રીસ,
ત્રીસમો દિવસ આવ્યો છે, છેલ્લો દિવસ છે,
આવતી કાલે સંસારી પિતા, મુંબઈ જશે પાછા,
પ્રતિક્રમણ પુરુ થયુ છે, શ્રાવકો સામાયિક પારી
રહ્યા છે, મહાત્મા એ એમના સંસારી પિતાને
કોઈના દ્વારા કહેવડાવ્યું કે મને મળી ને જજો.
એમના પિતા, સામાયિક પારી ને એમની પાસે
આવ્યા, બોલ્યા, મત્થએણ વંદામિ. કંઈ કામકાજ
હતું. મહાત્માએ કીધું કે કાંઈ કામ તો નહતું -
પણ ત્રીસ દિવસ સુધી મેં તમારી સાથે કશી
વાત કરી ન હતી, કદી તમને બોલાવ્યા નથી,
બેસાડ્યા નથી, કોઈ વાત નથી કરી કોઈ -
પ્રેરણા નથી કરી, નથી મેં તમને કાંઈ કીધું,
નથી તમે મને કાંઈ કીધું, અને આવતી કાલે તમે

જવાના એટલે આજે મને થયું કે તમારી સાથે પા-અડધો કલાક બેસુ. એને તમને સાથે પુછી લઉં કે મેં આટલા દિવસ વાત- નથી કરી તો તમને ખોટુ તો નથી લાગ્યુ ને ?
મહાત્માના પપ્પા એ ત્યાં જવાબ આપ્યો કે આટલા દિવસ ખોટું ન હતું લાગ્યું, પણ આજે લાગ્યું છે. સ્વાધ્યાય નથી કરવાનો ? વાતો કરવાની છે ?

તમને વાતો કરવા માટે દીક્ષા આપી છે ?

પ્રતિક્રમણ પછી રાત્રિ સ્વાધ્યાય નો સમય છે, ગુરુનો આદેશ છે બધાએ પ્રતિક્રમણ પછી પાઠ કરવાનો, રાત્રિ સ્વાધ્યાય કરવાનો, સુત્રો ના REVISION કરવાના, આપને અત્યારે વાતો કરવાનો ટાઇમ છે. મને આજે ખોટું લાગ્યું છે. આટલા દિવસ ખોટું- ન હતું લાગ્યું.

આપણે ત્યાં એક વર્ગ એવો છે કે જે પોતાના સંસારના સ્વાર્થ માટે, દોરા, ધાગા, મંત્ર, તંત્ર, જ્યોતિષ, એ બધાના માટે કરીને સાધુને- નીચે પાડે. સાધુની એવી પ્રવૃતિમાં SUPPORT કરે.

સાધુ એની સાધના છોડી, સ્વાધ્યાય છોડી, સંયમ-છોડીને, જિનાજ્ઞા છોડીને, એ બધાની સંસારની પલોજણ માં પડે, અને એ બધું જોવા-જાણવા-છતા, અને બધુ જાણ્યા પછી પણ એ વર્ગ પોતાની આ જીદ છોડી ના શકે, અને એ સાધુ પાસેથી, ખરેખર કોઈ પ્રભાવ હોય કે ના હોય, જે પણ હોય, પણ સાધુનુ સંયમ પાળવાનું તો ખરેખર જતી જ રહ્યું હોય, એક વર્ગ આ છે.

બીજો વર્ગ આ છે, જે સ્વજન રૂપે, મિત્ર રૂપે, પરિચિત રૂપે, આત્મીય રૂપે, પોતાનું હૈયું ઠાલવવા માટે સાધુ પાસે અથ. સાધ્વીજી પાસે અથ. કલાકો સુધી વાતો ચાલે, તમારા સંસારમાં-આમે કંઈ કસ નથી, ઘરમાં ઝગડાઓનો પારનથી, ઉપાધિઓનો પાર નથી, ઉપાશ્રયમાં તમને શાંતિ-મળે છે, હું કહું છું, એની ના નથી, શાંતિ માટે અહીંયા જ આવવું જોઈએ, પણ આખો સંસાર ને એની ક્યરો, આ કોઈ DUMPING CENTER તો છે નહિં. કે ઉપાશ્રયની અંદર, એ મહાત્મા-ઓગળ ઠાલવીએ, પછી એ કલાક-દોઢ કલાક તમે તમારા સંસારની પરાણ, ઉપાધિઓ. બધાની વાત

કરી, અને એ બધું કર્યા પછી જ્યારે મહાત્મા તમને કહે છે, આટલું આટલું કરો, આટલા પાપ છોડો, આટલો ધર્મ કરો, તો બધું સારું થઈ જશે. ને તમે કરશું એવું તો કહેતા નથી, તમે કહો છો - જોઈશું. તમારો જવાબ શું હોય છે ? એટલે તમારે કોઈ જ લેવા દેવા નથી, તમને પૂજ્ય લાગતા નથી, સંયમી લાગતા નથી, ભગવંત લાગતા નથી, શ્રદ્ધેય લાગતા નથી, તમને JUST FRIEND - જોઈતા હતા, તમે સ્વજન રૂપે આવો, તમારા - દીકરા મહારાજ હોય, તમારા ભત્રીજા મહારાજ હોય, ભાઈ મહારાજ હોય, કેટલી છુટ થી વાત કરવાની ? કેટલી છુટ ?

જેમનો સ્વાધ્યાય, જેમનો આગમોનો અભ્યાસ, જેમના ગુરુદેવે આપેલી પરિણતિની ધારા, જેમની હિત શિક્ષા ની ધારા, જેમને ભણતી વાચનાની ધારા, શાસ્ત્રોની ધારા, આ બધા ને કહોણી ને - એનાથી તદ્દન ~~વિરુ~~ વિપરીત, તમારા વર્તનમાં, તમારા સંસારમાં, તમારા સંસારી ઘરે, અડોશ - પડોશ- સમાજની અંદર, બનતી નવાજુનીઓ, એ બધી જ વાતો LAST આવ્યા હતા, પછીની આજે આવ્યા

ત્યાં સુધીની બધી જ કાળજી હો.

## એ આ ઉકરડો નથી, એ આ મહાત્મા છે !

શાસ્ત્રકાર ભગવંતો એ આગમની અંદર, મુનન-હિજીત માટે ઘણા ભય સ્થાન જુદા જુદા બતાવ્યા-એમાંથી એક ભય સ્થાન સ્વજન છે. સ્વજન શું બોલે ને એની શું અસર થાય, સ્વજન શું કરે, મહાત્માને એમના પરિચય ને કારણે એમના પર-વિશ્વાસ હોય, અને એ વાત આગળ ક્યાં પહોંચે એનો કોઈ જ ભરોસો નહિ, સ્વજનનો પણ આ એક મુદ્દો છે.

શ્રમણ સંસ્થા અને શ્રમણી સંસ્થાને મજબુત કરવા માટે, સ્વજન તરીકે તમે શું કરી શકો ને એનું અદ્‌ભુત ઉદાહરણ પૂજ્ય ગ્રંથ-દર્શનસૂરીશ્વરજી મહારાજના સંસારી પિતાજી છે. તમારા ઘરે તમારા સ્વજન, પરિચિત મહાત્મા, એ કોઈની દ્વારા ફોન કરાવ્યો ને વાતમાં એવું કંઈ હતું નહિ, હું તમને કહું છું, તમારે સારું લગાડવું છે, કે તમારે એ મિત્રના ભર્યાં,

સ્વજન જેવો સંબંધ નિભાવવો છે, એવું કોઈ જ પ્રયોજન નથી, માત્ર TIME-PASS પુરતો કે, આશ્વાસન પુરતો, તમે પુછી શકતા નથી કે સાહેબ આપ સંયમ જીવનની અંદર છો, - PARLIAMENT ની એક એક સેકંડ નો જે ખર્ચો હોય, એના કરતા સંયમ જીવનની VALUE વધારે હોય છે, ત્યાં તો લાખો નો ખર્ચો, એક-એક સેકંડ. અહીંયા જબરો રૂપિયા કરતા વધુ મહત્વની આપની સંયમ જીવનની એક-એક-સેકંડ છે, અમે સાંભળ્યું છે, આખી જિંદગી ડુબી અવ તો એ પુરા ન થાય એટલા શાસ્ત્રો છે, અમે સાંભળ્યું છે કે,

## સાધુ એ PM કરતા વધારે BUSY હોય !

અમે સાંભળ્યું છે દુર્લભ આ ભવને દુર્લભ આ સંયમ જીવન અનંત કાળે પરમ પુણ્યથી મળ્યું. અમે સાંભળ્યું કે આવા પચાસ-સો વર્ષના સંયમ જીવનની અંદર, અનંતભવો નું કામ કરી લેવાનું હોય, સાહેબ આપને આવો સમય ક્યાંથી મળ્યો ? હું તમને કહું છું આવું તમે ના કહી શકો ?

એક ગાંડી ભક્તિ કરનાર વર્ગ છે, એક ચર્ચાને
નિંદા કરનાર વર્ગ છે, મા-બાપ જેવો વર્ગ -
જેને હરેક સાધુ-સાધ્વી માં પોતાના દીકરાની
દીકરીના દર્શન થાય, આ વર્ગ આજે એવા ક્યાં
મળે છે ?

એક બાજુ ઘોર ઉપેક્ષા કરવી, યા
આપણે કોઈને કોઈ રીતે એમના પતનમાં નિમિત્ત
બનવું, ને બીજુ બાજુ એમની નિંદા ચર્ચા-
કરવી. મારા પોતાના સંસારી દાદા, હીરાભાઈ-
એમનું નામ, એમને દીક્ષા આપી ત્યારથી માંડી-
ને, એ ગુજર્યા ત્યાં સુધી, જ્યારે અમારી-
પાસે આવ્યા છે, ત્યારે અમારી પાસે અમારા-
અભ્યાસનો REPORT લીધો છે. જુની કાગળ
લઈને આવ્યા હોય, નવો અમારી પાસે લખાવે.
નવું તમે શું ભણ્યા એ બધું લખો. મારા પિતાશ્રી
મહારાજ સાહેબ, એમની દીક્ષાને બે-ત્રણ વર્ષ-
થયા હોય, હીરાભાઈ વંદન કરવા આવ્યા હોય.
અને એમની પાસે એમની EXAM એ લે, એમની
ઉંમર હોય ૬૨-૬૩ વર્ષ. એમની ઉંમર ૮૦-૮૨ વર્ષ
અને એમનું પકડી સુત્ર પોતે ચોપડી લઈને લેવા

બેઠા હોય, પાંચ વર્ષના છોકરાનું HOME WORK
એના મમ્મી કે પપ્પા લેતા હોય, એ રીતે આમ
લેતા હોય, ઝીણી-ઝીણી ભુલ કાઢે, ઠપકો આપે,
હું તમને પુછુ આને આવા શ્રાવક-શ્રાવિકા-
ક્યાં છે. એમના દેવલોકના ત્રણ મહિના પહેલા-
પણ અમારી પાસે આવ્યા હતા, 88 વર્ષની ઉંમર
હતી, અને અમારા અભ્યાસનો REPORT એમણે
લીધો. જીવનના છેલ્લા પંદર વર્ષ, ગુજરાત-
મહારાષ્ટ્ર ની BOUNDARY તલાસરી તીર્થ ધામ,
આગ્રહ ભરી વિનંતીથી, HONARARY સેવા એમણે
ત્યાં આપી. વિહાર કરતા અમે પહોંચ્યા હતા,
મેં એમને એક વાત કરી કે તમે પીઠ છો,
ઉંમર લાયક પણ છો, તમે અહીંયા સાધુ-
સાધ્વીજી ભગવંતો ની સુપાત્ર દાન સેવા વગેરે તો
કરો જ છો. સાથે ભાવ સેવા કરવી જોઈએ, મને
કહે કે આપ કહો એમ કરીએ, મેં કહ્યું કે -
તમારે એક REGISTER રાખવાનું, કેટલા
ઠાણા, કયા સમુદાયના, ક્યાંથી આવ્યા, ક્યાં
જવાના, અને ~~અભિપ્રાય~~, અભિપ્રાય. GENER-
ALLY, બધે વિહારધામ ની અંદર આવું એક
REGISTER હોય.

મેં કીધું બીજું એક REGISTER રાખો, સાધ્વીજી
ભગવંત હોય એના વડિલ પાસે લખાવવાનું,
કયા સાધ્વીજી, કયા-કયા બિરાજમાન છે, એમનો
અભ્યાસ શું ચાલે છે. એમનો તપ કયો ચાલે
છે?, એમણે કેટલી ગાથા ગોખી છે?, એમને
આજે કેટલી ગાથા ઉપસ્થિત છે. એમણે ગઈ-
કાલે રાત્રે કેટલી ગાથાનો રાત્રિ સ્વાધ્યાય કર્યો
હતો. વગેરે વગેરે COLUMN વાળુ આ-
REGISTER તમારે રાખવાનું, મને કહે કેવું લાગે,
મેં કીધું કંઈ જ વાંધો નથી. ભક્તિ ભાવે વાત-
કરવાની છે, લાગણી થી વાત કરવાની છે,
REGISTER સાચવીને રાખવાનું છે. બીજીવાર
એ જ ગ્રુપ ફરી આવે, મુંબઈ, સુરત, અમદાવાદ
નો આ MAIN HIGHWAY આઠ-દસ
મહિને ફરી એ ગ્રુપ આવે, ત્યારે તમારે જુનુ
પાનું કાઢીને, નવું લખાવીને ઉઘડી લેવાની.
એટલે ગરબડી નથી કરવાની, સાહેબ આમાં
કેમ તમારી આટલી GAP રહી, ત્યારે આટલું
થયું હતું, તો હવે કેમ આટલું જ થયું, તમે
આટલા મહિના, આટલા વર્ષ કર્યું શું?, એમની
તમારે ઉલટ-તપાસ લેવાની. કેમ ના લઈ શકાય!

શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહે છે, જરૂર લઈ શકાય, ત્યારે શ્રમણ- શ્રમણી સંસ્થાને મજબુત કરવી છે. હું તમને કહું છું કે ત્યારે મને સુધ્ધાને પુછ્યું એકજણે કે સાહેબ અત્યારે આપનો દિવસમાં સ્વાધ્યાય કેટલો ચાલે છે. રાત્રિ સ્વાધ્યાય કેટલો કર્યો. સાહેબ મોઢે તો યાદ છે ને. એ-તો- શ્રાવકનું કામ નથી, પીઠ અને ગંભીર, મા- બાપ જેવા શ્રાવક શ્રાવિકાનું કામ છે.

એક એક શ્રાવક એક એક ક્રિયા ની અંદર એવા લાગણીશીલ હોય, કે દ્રવ્ય ભક્તિ પણ કરે, કે ભાવ ભક્તિ પણ કરે, સંઘને ખબર છે, સંઘના બધા લોકોનો એમને SUPPORT હોય કે ભાઈ, જે પણ હોય એમની લાભ આપશે, તમે ભલે સમય આપો. સંપત્તિ નો લાભ એમને આપશે. સંઘના ટ્રસ્ટીઓનો SUPPOT હોય, પઈ- પઈ ને કેટલી ચર્ચા થવાની! એક એક ઉપાશ્રયે REGULAR જાય, ચાર દિવસે આંટો લગાવી દીધો હોય, જપ પુછ્યો હોય, કામ પુછ્યું હોય, સાહેબ કંઈ તકલીફ નથી ને, પુછ્યું હોય ને સાથે REGISTER હોય આવું, અને એમનો અભ્યાસ

વગેરે ભણાતો હોય, ઉત્તર તપાસ થતી હોય, સાહેબ પ્રમાદ કરવાનો નથી, ભગવાન ગૌતમસ્વામી ને પણ ના પાડતા હતા, મરી જશો પ્રમાદ-કરશો તો! આ સંયમ જીવન લઈને મફતના-રોટલા ખાઈને, અને અહીંયા એ પ્રમાદ કર્યો છે, અહીંયા એ સંસાર ખડો કર્યો છે, રાગ-દ્વેષ કર્યા છે, સાંસારીક પ્રવૃત્તિ કરી છે, સાહેબ-સ્વાધ્યાયે ગાંઠી માથુ ઉંચું કર્યું છે, સાહેબ-પરમાધામી કોઈ વેશ ની શરમ રાખતો નથી, સાહેબ અધ્યાત્મ કલ્પદ્રુમમાં આ શબ્દો છે, સાહેબ બહુ સાવધ રહેજો. મહેરની અંદર માંથે માછલા ધોનારા શ્રાવકો, કશું શ્રમણ સંસ્થાનું ઉકાળી શકવાના નથી, મા-બાપ જેવા શ્રાવક હોય, દીકરા-દીકરી જેવા લાગે એક એક સાધુ-સાધ્વીજી ભગવંત, લાગણી હોય, વાત્સલ્ય હોય, કરૂણા હોય, સ્વજન કરતા વધારે પ્રેમ હોય, અને એકાંતમાં જઈને, જરૂર પડે તો આપી હિતશીક્ષા આપીને બચાવી પણ દે, એવા શ્રાવકો એ

શાસનના ખરા રત્નો કહેવાય!

26. 09. 2021

આવા શ્રાવકોનો આજે ઘોર દુકાળ વર્તે છે, અને પછી પરિસ્થિતિ ક્યાં સુધી જાય, કશું કહી ન શકાય. આજે સમય થયો છે, આજે આટલું - શાજીએ.

× × × × ×

ता. २8. ०१. २021

# FEELINGS जिनशासन - 10

वर्षों पछी, એક મિત્ર, મિત્ર ના ઘરે જાય છે. બહુ પ્રેમથી બંને મળે છે. પેલાની દીકરી ક્યાંક બહારથી આવે છે, લવારા કરે છે, ગમે તેમ બોલે છે, ગમે તેવું વર્તન કરે છે. પેલા માટે ચા ના કપ-રકાબી બધું રાખ્યું હતું એ ફગાવી દે છે. કપડા, સોફા, જમીન વગેરે બધુ બગાડે છે. ગમે તેમ બોલતી પેલી અંદર જતી રહે છે.

મિત્ર એ પુછ્યું કે આ તારી દીકરી છે ? કહે હા, એ મારી દીકરી છે. કેમ આવી રીતનું બધું વર્તન કર્યું, એ ~~પાગલ~~ પાગલ છે ? કહે ના, પાગલ તો નથી. તો પછી આવું એણે કેમ કર્યું ? મિત્ર છે, નિકટ નો મિત્ર છે એની આગળ પેલા એ જે હતું એ કહ્યું, એ પાગલ નથી, એક NORMAL વ્યક્તિ છે. પણ આવા બધાની પાછળ કારણ એક જ છે, કે અમે એને ક્યાંય બાલમંદિર માં મુકી હતી, ક્યાંય સ્કુલમાં મુકીન હતી, ક્યાંય TUTION - CLASS કરાવ્યા નથી, અમે પોતે ભણાવી, એનું ઘડતર, એનું સંસ્કરણ એનુ શિક્ષણ એ બધા પ્રત્યે અમે શુન્ય - RYTHAM રાખ્યો, એની આ ઉંમર થઈ,

અને માત્ર ઉંમર થઈ ગઈ એટલું, બીજું કશું એને આવડ્યું નથી, એની રીતે એણે જે - ઘડાવાનું હતું એ રીતે ઘડાઈ ગઈ. એનું આ પરિણામ છે.

## મારે વાત સાધુ સંસ્થાની કરવી છે!

મુમુક્ષુના રોમે રોમે, યા તો મોક્ષનો તલસાટ, ઉછળતે ઉમંગે થતી આવી દીક્ષા, ને આવી માત્ર એક દીક્ષા નહિ, વર્ષની સંકડો દીક્ષાઓ થતી હોય, ત્યારે પાછળના ઘડતર, સંસ્કરણ, શિક્ષણ આધ્યાત્મિક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, સામાચારી - ની શુદ્ધિ રૂપ વિકાસ, આ બધા માટે સંઘે કશું કાંઈ વિચારવાનું જ ના હોય ?. જરૂર એ છે કે દરેક દરેક ગ્રુપની અંદર DAILY વાચનાઓ ચાલતી હોય, ગ્રુપના વડિલ ગુરુ ભગવંત રોજ વાચના આપે, અને પદ્ધતિસરની એ વાચના - થી એમની વિકાસ થતો જાય. જરૂર એ છે, દરેક દરેક ગ્રુપમાં અંદર અંદરના પાઠો એટલા ચાલતા હોય, કે સવારથી સાંજ સુધી કોઈ - ઉંચા જ ન આવે. ગ્રંથો ના ગ્રંથો, ગ્રંથો ના -

ગ્રંથો, એનો અભ્યાસ થતો જ જાય. જરૂર એ છે
કે એ ગ્રુપની અંદર એવી અનુકૂળતા ન હોય,
કદાચ બધા એટલું ભણેલા ન હોય, એકાદ-
વ્યક્તિ પણ એટલું ભણેલી ના હોય, તો એવા
કોઈક પંડિતજી હોય જે, સારી રીતે ભણાવી
શકે, એ રીતે ગ્રુપની અંદર એક શરૂઆત-
થાય ને પછી જે મહાત્મા ભણ્યા, એ આગળ-
વાળા ને પોતાની રીતે ભણાવે, પછી પંડિતજીની
પણ જરૂર ના રહે.

જરૂર એ છે, કે ગ્રુપની અંદર જે
રોજની વાચના શક્ય નથી, તો એવા પીઠ-
પંડિતજી હોય, તે તે એરિયાના, તે તે-
ઉપાશ્રયો ની, અમુક અમુક ના ઉપાશ્રયો ના-
મહાત્માઓની, ભેગી- ભેગી વાચનાઓ DAILY
ચાલુ હોય. SUPPOSE શાંતિવન, એક વાચના
રોજની ચાલુ, વાસણા એક વાચના રોજની-
ચાલુ, આંબાવાડી એક વાચના રોજની ચાલુ,
આ એરિયા એક વાચના રોજની ચાલુ. પચાસ-
સો- દોઢસો- બસો - અઢીસો મહાત્માઓ એનો
લાભ લે, ભાવિત, પરિણત, ભણેલા- ગણેલા,

શ્રધ્ધાળુ, આદેય, એવા પંડિતજી હોય, અદ્ભુત એમની વાંચના રોજની ચાલતી હોય, પછી જુઓ

કેવું આખું વાતાવરણ બદલાય જાય છે !

હવે આવા એકાદ પંડિતજી ? સંસ્કૃત પાઠશાળાઓ જે પંડિતજીઓનું ઉત્પાદન કરે છે, એમને તૈયાર કરે છે, ત્યાંના COURSE શું છે તો પ્રકરણ ગ્રંથો છે. સંસ્કૃત બુક છે, પ્રાકૃત બુક છે, ન્યાય છે, વ્યાકરણ છે ને એ પંડિતજીઓ ક્યાંક-ક્યાંક મહાત્માઓને ભણાવે પણ છે, તો એ પ્રકરણો ના પદાર્થો ભણાવે છે એ ભણ્યા, પંડિતજી પોતે આધ્યાત્મિક વ્યક્તિત્વ થી સંપન્ન હોય, ભાવિત હોય, ઉંડો એમનો જ્ઞાનાભ્યાસ હોય, એમને અનુભવ જ્ઞાન હોય, ધ્યાન માર્ગ અને અધ્યાત્મ માર્ગમાં ઉંડા ઉતર્યા હોય, તો એ સંઘની પાઠશાળાઓમાં બાળકોને મળશે, એમના PRIVATE TUTIONS માં - શ્રાવક-શ્રાવિકાઓને મળશે, અને એ જ જ્ઞાન સાધુ-સાધ્વીજી ભગવંતો ને મળશે, આવા પંડિતજી ઓ આખા ભારતમાં કેટલા મળશે ? હજુ ઊંડાણમાં જઈએ, કે તે તે સંસ્કૃત પાઠશાળાઓની અંદર

જે જે COURSE છે, એ COURSE માં જ આવી બધી વસ્તુ નહિ હોય, તો એમનામાં ક્યાંથી આવશે ને એ એમનામાં જ નહિ હોય, તો ચતુર્વિધ સંઘમાં ક્યાંથી આવશે ?

કરોડો રૂપિયા દરવર્ષે જે પંડિતજી-ઓને તૈયાર કરવા માટે, શ્રી સંઘના વપરાય રહ્યા છે. શ્રી સંઘને એવું કેવું વળતર મળે છે ? અને કેટલું વળતર મળે છે ? આજે નક્કી કરવામાં આવે કે આ રીતે બધી વાચનાઓ રાખી દેવી, અમદાવાદ ની અંદર DAILY વાચના પચ્ચીસ જગ્યાએ ચાલવી જોઈએ, પચ્ચીસ પંડિતજીઓ, અથવા દસ પંડિતજીઓ જે બે-ત્રણ જગ્યાએ વાચના આપી શકે, એમની નિમણુંક કરવી છે, એવા દસ નામ મળશે ખરા ? અને મળે એ તો દુરની વાત છે, આપણને જોઈએ છે ખરા ?

ખાન-પાણી નો લાભ હશોજી, આમાં બધુ પતી જતું નથી. છેલ્લી વાત કરું, કદાચ-આપણને લાગે કે આ રીતે પંડિતજીઓને નીમવા, આ રીતે વાચનાઓ ગોઠવવી, આ રીતે પાછી ગોઠવવા,

આ રીતે ગ્રુપ ની અંદર જ ગ્રુપ ના મહાત્મા વાચના આપે અને જ્ઞાનાત્મક, ભાવાત્મક, આધ્યાત્મિક-સ્તર ઉપર આવે, કદાચ બહુ અઘરુ છે. છેલ્લામાં છેલ્લા સંયત્ર સરળ, રસ્તાની વાત કરુ, એવા-પ્રેરણાત્મક, જ્ઞાનાત્મક, વાચનાત્મક પુસ્તકો, એનું ભારત ભરના સર્વ મહાત્માઓ ને વિતરણ કરવામાં આવે, આપણા લગભગ આઠ-દસ હજાર મહાત્માઓ લઈએ, ગ્રુપ દીઠ, ઉપાશ્રય દીઠ, એક લઈએ તો, હજાર-બારસો જેટલા સરનામા થાય, અને એટલા સરનામે REGULAR, દર મહિને, દર પંદર દિવસે, દર-અઠવાડિયે, એકાદ ચોપડી તો એવી પહોંચે જ-કે જેને વાંચીને, એમને વાચનાની પાઠની, અભ્યાસ-ની ગરજ સરે, અને એમનું જીવન સ્તર ઉપર આવે, આત્મ સ્તર ઉપર આવે પરિણતિ સ્તર ઉપર આવે, છેલ્લામાં છેલ્લો ઉપાય. સહેલા માં સહેલો ઉપાય, એક પણ રૂપિયાનું ફંડ કર્યા વગર, માત્ર ને માત્ર, જ્ઞાન ખાતામાંથી, એવા પુસ્તકો તૈયાર-પણ થઈ શકે, એમનું POST COURIER પણ થઈ શકે, માત્ર ને માત્ર જ્ઞાન ખાતામાંથી, સર્વ-સમુદાયોની, સર્વ સંમતિ સાથે, જો સર્વ સમ્મત સિધ્ધાંત, એ સ્વરૂપે, આવા પુસ્તકોનું વિતરણ થઈ

શકે. માત્ર અમદાવાદની જે તાકાત છે, બધા મહાત્મા ઓને, ઉપાશ્રયે.. ઉપાશ્રયે.. DAILY આવું એક પુસ્તક મોકલવું હોય, માત્ર અમદાવાદની તાકાત છે, એક રૂપિયાનું ફંડ કર્યા વગર, બધુ-થઈ શકે એમ છે. મુળ સવાલ શક્યતાની નથી,

મુળ સવાલ આપણી આ ~~[illegible]~~ FEELINGS છે કે નહિ, ભાવના છે કે નહિ, જે પંદર-વર્ષની દીકરી, એના જેવી આપણી શ્રમણ સંસ્થાની શ્રમણી સંસ્થાની દશા હરગીઝ ન થવી જોઈએ. એમને એમ મુકી દીધા હવે તમે તમારી રીતે ઘડાય જાવ, આવી મા-બાપ ઉપેક્ષા કરે. દીકરી ક્યાંય ભણી લે, જે વસ્તુ જુદી છે, એનું ક્યાંક ઘડતર થઈ જાય, એ વાત પણ જુદી છે. પણ જે રીતે દીકરી દીકરો ભણી લે, અને મા-બાપ ધ્યાન આપે, બરાબર એને સમય માં રાખે, એના-માટે મહેનત કરે, તમારા સંતાનો માટે જે તમારી મહેનત હોય છે, આવી સંઘની મહેનત શ્રમણ-શ્રમણી સંસ્થા માટે આવી જાય, તો બરોબર-ચોથો આરો બહુ દૂર નથી. અહીંયા જ ચોથા આરાનું અવતરણ થાય, સરસ મજાની એક માહોલ

સૌન્દર્ય, બહુ મનોમંથન કરશે, આ ઉપેક્ષા, આ અવગણના, આ અવજ્ઞા, મારે શું આવો વિચાર આ બહુ જ ભયંકર છે. પછી આપણે ચર્ચા કરીએ કે દીકરીએ કેમ કપ-રકાબી ફેંકી દીધા, ગ્લાસ ફગાવી દીધો ને કપડા બગાડી દીધા, ને ભવાડા-કર્યા, બીજું શું થઈ શકે, આવું જ થવાનું છે એની વાત નથી, આશય સમજવાનો પ્રયાસ કરશે, શું હોય શકે છે, કેટલું બધું સહેલાઈથી કરી શકાય એમ છે, અને આજે આપણે શું કરી રહ્યા-છીએ. એ લાખ રૂપિયાનો સવાલ છે. વાત દુનિયા-ને બચાવવાની ચાલે છે, અબોલ જીવો ને, ભિખારી-ઓની આપણને ચિંતા છે.

પણ આપણે જ રંગે ચંગે જેમને-સંયમ અપાવ્યું, જે ભગવાનના માર્ગે આખું જીવન સમર્પિત કરીને આવી ગયા, એમની દીક્ષા ઉમર-ગણી સફળ થાય, પુરેપુરી સફળ થાય, એના-માટે આપણી કોઈ દ્રષ્ટિ ના હોય, તો આપણા-માટે ખરેખર, પોક મુકીને રડવા જેવી આ વાત છે. વિચાર કરશે, ખાસ ખુબ જ મહત્વનું શાસનનું કાર્ય જે શાસનના બધા જ ક્ષેત્રોને નવપલ્લવિત બનાવે, એના જેવું આ કાર્ય છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.